# વિલીનીકરણ, સંપાદન, પુનર્ગઠન માટે ઇમિગ્રેશનના મુદ્દાઓ અને તમારા વિદેશી કામદારો પર તેની કેવી અસર પડે છે?

આ પણું અર્થતંત્ર 'ભવિષ્યના અનુમાન'નાં કેટલાંક ચિહ્નો દર્શાવી રહ્યું છે, ત્યારે કંપનીઓના વિલીનીકરણ, સંપાદન, પુનર્ગઠનની પ્રક્રિયા ચાલુ રહેવાની શક્યતા છે.



માઇકલ ફુલવાની   ડેવિડ એચ. નાચમેન   લુડકા ઝિમોવચાક

સામાન્ય રીતે, જ્યારથી વિલીનીકરણ, સંપાદન અને પુનર્ગઠન એ 'કોર્પોરેટ ટ્રાન્ઝેક્શન' છે, ત્યારે ઇમિગ્રેશનના મુદ્દાઓ ક્યારેક અમલમાં આવતા નથી. આ કારણસર, એ મહત્ત્વનું છે કે ઇમિગ્રેશન સંકટ વિલીનીકરણ, સંપાદન અને પુનર્ગઠનમાંથી ઊભું થાય છે તેને ધ્યાનમાં લેવું જોઈએ અને બિઝનેસ ઈમિગ્રેશન લોયરને યોગ્ય સમયે 'ડીલ' અથવા વ્યવસ્થા માટે બોલાવવો જોઈએ. જ્યારથી બિઝનેસ ઈમિગ્રેશન એટર્ની પાર્ટીઓ માટે ટ્રાન્ઝેક્શનનાં નાણાં બચાવવા માટે આમ કરી શકે છે.

ઈમિગ્રેશન નિયમો રોજગારદાતાની ઓળખ, સ્થળ અને માલિકીના માળખા સાથે ગાઢપણે સંકળાયેલા હોય છે, વિલીનીકરણ-સંપાદનમાં કોઈ પણ બદલાવ જે તે કામદારના નોન-ઈમિગ્રન્ટ વિઝા તાત્કાલિક અમાન્ય કરી શકે છે. અમેરિકામાં નોન-ઈમિગ્રન્ટ વિઝાની માન્યતા ચૂકી જવાથી તે કામદારના વર્ક સ્ટેટસને તાત્કાલિક અસર કરી શકે છે. દાખલા તરીકે, જ્યારે ટ્રાન્ઝેક્શન હાથ ધરવામાં આવ્યું હોય અને અનુગામી પાર્ટી એચ-વનબી પિટિશન અને/અથવા લેબર કન્ડિશન એપ્લિકેશન (એલસીએ) અંતર્ગત સુધારવામાં નિષ્ફળ જાય, ત્યારે એચ-વનબી નોનઈમિગ્રન્ટ આઉટ ઓફ સ્ટેટસ બની શકે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ), સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસ (સીઆઈએસ) દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે 'ગ્રેસ પિરિયડ' મળશે નહિ અને એક વાર એચ-વનબી નોનઈમિગ્રન્ટ એચ-વનબી સ્પોન્સર સાથે લાંબા સમય સુધી રોજગારી મેળવતો નથી ત્યારે જે તે વ્યક્તિને આઉટ-ઓફ-સ્ટેટસ માનવામાં આવે છે.

આના કારણે બિઝનેસ ઈમિગ્રેશન લોયર વિવિધ ટ્રાન્ઝેક્શનમાં સંકળાયેલા પોતાના રોજગારદાતાઓને ટ્રાન્ઝેક્શન પહેલાં પબ્લિક એક્સેસ ફાઈલ (પીએએફ) પર ટિપ્પણી-વિવરણ લખવાનું કહેવાની સલાહ આપે છે. આથી અનુગામી સંસ્થા સ્પષ્ટપણે એચ-વનબી નોન-ઈમિગ્રન્ટ્સની જવાબદારીની ધારણા કરી શકે છે. આ 'ધારણા-અનુમાન' પબ્લિક એક્સેસ ફાઈલ (પીએએફ) ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરતાં પહેલાં ઉમેરી શકાય છે.

આથી તમામ એચ-વનબી નોન-ઈમિગ્રન્ટ વર્ક વિઝામાં સુધારાની કોઈ જરૂરિયાત રહેતી નથી. તેમ છતાં, એચ-વનબીનો સુધારો એચ-વનબી કામદારો દ્વારા ઇચ્છિત હોઈ શકે છે, જો તેઓ અમેરિકાની બહાર પ્રવાસ કરતા હોય. તે વખતે કોન્સ્યુલેટ ઓફિસો સતત એચ-વનબી નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજીકર્તાઓને ચકાસવાનું ચાલુ રાખે છે.

ગ્રીન કાર્ડની પ્રક્રિયામાં જે તે નાગરિકની પ્રગતિ પર આધારિત, ઈમિગ્રન્ટ વિઝા પિટિશનો પર ટ્રાન્ઝેક્શનની અસર પડી શકે છે. એ નક્કી કરવાનું રહેશે કે નવી કંપનીના માલિકને 'હિતમાં ઉત્તરાધિકારી' તરીકે ધ્યાનમાં લેવાશે કે નહિ. જો સંસ્થાના નવા માલિક ભૂતકાળના માલિકની તમામ જવાબદારીઓ ધારણ કરી શકે છે, તો નવા માલિક 'હિતમાં ઉત્તરાધિકારી' તરીકે માન્ય ગણાઈ શકે છે. જો નવી કંપની 'હિતમાં ઉત્તરાધિકારી' હોય તો ગ્રીન કાર્ડની પ્રક્રિયા અનુગામી સંસ્થા દ્વારા ચાલુ રાખવામાં આવશે. જોકે નવા રોજગારદાતા પ્રારંભથી જ ગ્રીન કાર્ડ પ્રોસેસ/લેબર સર્ટિફિકેશન /જીઆર-એમની શરૂઆત વગર ફોરેન નેશનલ એમ્પ્લોયી વતી ગ્રીન કાર્ડ પ્રક્રિયા સાથે ચાલુ રાખી શકે છે.

ત્રીજો અને સૌથી મહત્ત્વના મુદ્દાઓમાંનો એક મુદ્દો એ છે કે ધંધાના માલિક અથવા ધંધો સોંપનારે ફોર્મ આઇ-૯નું ધ્યાન રાખવું જોઈએ.

'હિતમાં ઉત્તરાધિકારી' સંસ્થાની આઇ-૯ જવાબદારીઓ ધારણ કરી શકે છે. આઇ-૯ની જરૂરિયાતો સંતોષવામાં નિષ્ફળ જનારને ગંભીર નાગરિકલક્ષી નાણાકીય મંજૂરીનો સામનો કરવો પડી શકે છે. સંસ્થાના આઇ-૯ ફોર્મની ચકાસણી ઓડિટ અથવા રિવ્યુ મારફતે હાથ ધરવામાં આવે છે. જો અનુગામી સંસ્થા અગાઉની સંસ્થાના આઇ-૯ ફોર્મ અપનાવશે નહિ, તો નવા આઇ-૯ ફોર્મ સંસ્થાના દરેક કામદાર માટે ભરવામાં આવશે.

કેનેડિયન ઈમિગ્રેશન લો સર્વિસીસની વધતી જતી માગને સંતોષવા માટે, એનપીઝેડ લો ગ્રુપ, પી.સી. દ્વારા કેનેડિયન ડિવિઝનની રચના કરવામાં આવી હતી. લાઇસન્સ્ડ લીગલ સ્ટાફ દ્વારા સંચાલિત અને મોન્ટ્રિયલ તેમ જ ન્યુ યોર્ક, ન્યુ જર્સીમાં ઓફિસો ધરાવતી, આપણા વિવિધ કેનેડિયન ડિવિઝન એટર્ની સરહદ-પારના મુદ્દાઓ સાથે સહાયરૂપ થવા માટે તત્પર છે.

જો તમે, તમારા સ્ટાફનો કોઈ સભ્ય ઈમિગ્રેશન સંબંધિત માહિતી, અથવા કોર્પોરેટ સેક્ટરમાં બદલાવ ઉપરાંત વિલીનીકરણ અથવા સંપાદન અથવા છૂટા કરવા અથવા હકાલપટ્ટી કરવી વગેરે બાબતની સંબંધિત માહિતી મેળવવા ઇચ્છતા હો તો અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝનો સંપર્ક કરી શકો છોઃ ઈ-મેઈલઃ info@visaserve.com અથવા ફોનઃ 201-670-0006 (x107). આ અંગે અમારી વેબસાઇટ પણ નિહાળી શકો છોઃ www.visaserve.com